# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 07-12-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : SUNDAY** **National News**

આકાશવાણી સમાચાર **સોનલ પરમાર** વાંચે છે.

****************************************************

1. **ગોવાની નાઇટક્લબમાં સર્જાયેલી દુર્ઘટનામાં મૃત્યુઆઁક 25 થયો**
2. **રાષ્ટ્રીય ગીત વંદે માતરમની 150મી વર્ષગાંઠ પર આવતીકાલે લોકસભામાં વિશેષ ચર્ચા શરૂ થશે.**
3. સંરક્ષણ મંત્રી રાજનાથ સિંઘે 7 રાજ્યો અને 2 કેન્દ્રશાસિત પ્રદેશોમાં 125 માળખાગત પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન કર્યું
4. કેન્દ્રીય મંત્રી અમિત શાહે ગુજરાતના અમદાવાદમાં 881 આવાસોનું **લોકાર્પણ કર્યું**
5. DGCA- એ ઇન્ડિગોના CEO પીટર એલ્બર્સ અને એકાઉન્ટેબલ મેનેજર ઇસિડ્રો પોર્કેરાસને કારણદર્શક નોટિસ આપી.

.........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....**

## DAY FIRE-GOA NIGHT CLUB

ગોવાના બારડેઝ તાલુકાના અરપોરામાં એક ક્લબમાં લાગેલી ભીષણ આગમાં 25 લોકોના મોત થયા છે અને ઘણા લોકો ઘાયલ થયા છે, જેના કારણે સ્થાનિક અધિકારીઓએ તાત્કાલિક કાર્યવાહી શરૂ કરી છે. આગ લાગવાનું કારણ હજુ સુધી જાણી શકાયું નથી. ઘટનાની ઝડપી અને કાર્યક્ષમ દેખરેખ માટે કંટ્રોલ રૂમ સ્થાપિત કરવામાં આવ્યા છે. આ ઘટના અંગે રાષ્ટ્રપતિ , ઉપરાષ્ટ્રપતિ અને પ્રધાનમંત્રીએ શોક વ્યક્ત કર્યો હતો.જ્યારે મૃતકોના વારસદારોને પ્રધાનમંત્રી રાહત ફંડમાંથી બે-બે લાખની અને ઇજાગ્રસ્તોને પચાસ – પચાસ હજાર સહાયની જાહેરાત કરી છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## VANDE MATARAM-DISCUSSION

રાષ્ટ્રીય ગીત વંદે માતરમની 150મી વર્ષગાંઠ પર આવતીકાલે લોકસભામાં વિશેષ ચર્ચા શરૂ થશે . સત્તાવાર સૂત્રોના જણાવ્યા અનુસાર , પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી લોકસભામાં ચર્ચા શરૂ કરશે . મીડિયાને માહિતી આપતા, સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુએ જણાવ્યું હતું કે સમગ્ર દિવસની ચર્ચા બપોરે 12 વાગ્યે શરૂ થશે. તેમણે ઉમેર્યું હતું કે, લોકસભા અધ્યક્ષ ઓમ બિરલાની અધ્યક્ષતામાં મળેલી સર્વપક્ષીય બેઠકમાં નિર્ણય લેવામાં આવ્યો હતો કે વંદે માતરમ પર ચર્ચા ૮મીએ અને ચૂંટણી સુધારા પર ચર્ચા ૭ ડિસેમ્બરે કરવામાં આવશે.

---------

# VP-BRAHMKUMARIS

ઉપરાષ્ટ્રપતિ સી પી રાધાકૃષ્ણને આજે હરિયાણાના ગુરુગ્રામમાં બ્રહ્મા કુમારીઓના ઓમ શાંતિ રીટ્રીટ સેન્ટર - ORCના રજત જયંતિ ઉજવણીના ઔપચારિક પ્રારંભના પ્રસંગે રજત રશ્મિયાંનું ઉદ્ઘાટન કર્યું.

આ પ્રસંગે બોલતા, શ્રી રાધાકૃષ્ણને કહ્યું કે બ્રહ્મા કુમારીઓએ ધ્યાનની શક્તિ દ્વારા મન, બ્રહ્માંડ અને સ્વ વિશેના ગહન સત્યોને ઉજાગર કર્યા છે. તેમણે ઉમેર્યું કે તેમના સતત પ્રયાસોથી ભારત અને વિશ્વભરમાં અસંખ્ય સાધકોને શાંતિ , શુદ્ધતા અને આધ્યાત્મિક જાગૃતિ મળી છે.

## BYTE- સી.પી.રાધાકૃષ્ણન

આંતરિક સ્થિરતાના મહત્વ પર ભાર મૂકતા , શ્રી રાધાકૃષ્ણને કહ્યું કે સંતોષકારક જીવન જીવવા માટે મનને ખરેખર મહત્વપૂર્ણ બાબતો પર કેન્દ્રિત કરવું જરૂરી છે. ઉપરાષ્ટ્રપતિએ આંતરિક સ્પષ્ટતા અને નૈતિક શક્તિના મહત્વ પર મહાત્મા ગાંધીજીના ઉપદેશને પણ યાદ કર્યો.

તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો કે રજત જયંતિ વર્ષ શાંતિ , સંવાદિતા અને આધ્યાત્મિક સુખાકારીને પ્રોત્સાહન આપવાના સંગઠનના મિશનને વધુ મજબૂત બનાવશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## RAJNATH-PROJECTS

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંઘે સરહદ માર્ગ સંસ્થા -BRO દ્વારા બનાવવામાં આવેલા 7 રાજ્યો અને 2 કેન્દ્રશાસિત પ્રદેશોમાં શ્યોક ટનલ સહિત 125 વ્યૂહાત્મક રીતે મહત્વપૂર્ણ માળખાગત પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન કર્યું. ઉદ્ઘાટન સમારોહ દરમિયાન, સંરક્ષણ મંત્રીએ જણાવ્યું હતું કે આ માળખાગત પ્રોજેક્ટ્સ ભારતીય સેના અને BRO ના સર્વોચ્ચ બલિદાનને યાદ કરવા માટે સમર્પિત છે જેમણે રાષ્ટ્ર માટે પોતાના જીવનનું બલિદાન આપ્યું . BRO ની પ્રશંસા કરતા મંત્રીએ કહ્યું કે શ્યોક ટનલ પ્રદેશના વિકાસ તરફ દોરી જશે, પર્યટન અને આર્થિક પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપશે અને પરિવહનમાં મદદ કરશે.

(બાઇટ : RAJNATH-SINGH – સંરક્ષણ મંત્રી)

# AMC AMIT SHAH

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહ આજે અમદાવાદમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા નિર્માણ આઠસો ઈક્યાસી ઈડબ્લ્યુએસ આવાસ અને વસ્ત્રાપુરના નરસિંહ મહેતા તળાવુ લોકાર્પણ કર્યું હતું.. અમિત શાહ આજે રૂપિયા ૧૫૦૦ કરોડ રૂપિયાથી વધુના વિવિધ વિકાસ કાર્યોનું ઉદ્ઘાટન અને ખાતમુહૂર્ત કરવાનું આયોજન છે.. જેમાં આવાસ , માળખાગત સુવિધાઓ અને જાહેર સુવિધાઓનો સમાવેશ થાય છે.. દિવસભર ચાલનારા કાર્યક્રમો દરમિયાન મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ પણ હાજર રહેશે.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ ગોતા ખાતે મિની સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સનો શિલાન્યાસ પણ કરશે। તેઓ એએમસીના લગભગ સો નવનિયુક્ત આસિસ્ટન્ટ ફાયરમેનને નિમણૂક પત્રો પણ એનાયત કરશે। આ ઉપરાંત , તેઓ ઉત્તર પ્રદેશના રાજ્યપાલ આનંદીબેન પટેલના જીવન પર આધારિત પુસ્તક 'ચુનૌતિયાં મુઝે પસંદ હૈ'ની ગુજરાતી આવૃત્તિના વિમોચન સમારોહમાં પણ ઉપસ્થિત રહેશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી **YOUTUBE** ચેનલ **A.I.R.** ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ **NEWSONAIR.GOV.IN/**સ્લેશ**/GU** અને અમારા એક્સ હેન્ડલ **A.I.R.** ન્યૂઝ અન્ડરસ્કોર **ABAD** ને ફોલો કરશો.

**(ગોન્ગ મ્યુઝિક)**

. . . . . . . . . . . . .

# VP - PM- RAJNATH- ARMED FORCES FLAG DAY

સશસ્ત્ર સેના ધ્વજ દિવસ નિમિત્તે , ઉપરાષ્ટ્રપતિ સી. પી. રાધાકૃષ્ણને આજે સશસ્ત્ર સેના ધ્વજ દિવસ ભંડોળમાં પોતાનો આખો મહિનાનો પગાર દાનમાં આપ્યો. ઉપરાષ્ટ્રપતિએ તમામ નાગરિકોને સશસ્ત્ર સેના ધ્વજ દિવસ ભંડોળમાં સ્વેચ્છાએ યોગદાન આપીને દેશના સૈનિકો , શહીદો અને તેમના પરિવારો પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવા અપીલ કરી.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે રાષ્ટ્ર અતૂટ હિંમતથી દેશનું રક્ષણ કરનારા વીર પુરુષો અને મહિલાઓ પ્રત્યે આભાર વ્યક્ત કરે છે. સોશિયલ મીડિયા પોસ્ટમાં શ્રી મોદીએ કહ્યું કે સૈનિકોનું શિસ્ત, દૃઢ નિશ્ચય અને અદમ્ય હિંમત લોકોનું રક્ષણ કરે છે અને રાષ્ટ્રને મજબૂત બનાવે છે.

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે આજે સશસ્ત્ર સેના ધ્વજ દિવસ નિમિત્તે ભારતીય સશસ્ત્ર દળોની બહાદુરી અને બલિદાનને નમન કર્યું. શ્રી સિંહે દરેકને સશસ્ત્ર સેના ધ્વજ દિવસ ભંડોળમાં ઉદારતાથી યોગદાન આપવા અપીલ કરી છે. તેમણે કહ્યું આ સમર્થન સશસ્ત્ર દળોના સમર્પણનું સન્માન કરે છે અને તેમને મજબૂત બનાવે છે.

ઉલ્લેખનીય છે કે વર્ષ 1949 થી , 7 ડિસેમ્બરને રાષ્ટ્રના શહીદો અને સૈનિકોના સન્માન માટે સશસ્ત્ર સેના ધ્વજ દિવસ તરીકે ઉજવવામાં આવે છે.

ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ , જનરલ અનિલ ચૌહાણે આજે સશસ્ત્ર દળો ધ્વજ દિવસ પર ભારતીય સશસ્ત્ર દળોના તમામ રેન્કના સૈનિકો , નિવૃત્ત સૈનિકો અને બહાદુર મહિલાઓને શુભેચ્છા પાઠવી હતી. શ્રી ચૌહાણે તેમની અડગ સેવા , અદમ્ય હિંમત અને ભારતની સંરક્ષણ તૈયારી અને રાષ્ટ્રીય સુરક્ષામાં સતત યોગદાનની પ્રશંસા કરી હતી.

## DGCA-INDIGO-NOTICE

નાગરિક ઉડ્ડયન નિર્દેશાલય DGCAએ ઇન્ડિગોના મુખ્ય કાર્યકારી અધિકારી પીટરઅલ્બર્સ અને એકાઉન્ટેબલ મેનેજર ઇસિડ્રો પોકયુરસરને કારણદર્શક નોટિસ ફટકારી છે, જેમાં તેમને મોટા પાયે ફ્લાઇટ રદ કરવા અંગે 24 કલાકની અંદર જવાબ આપવા જણાવ્યું છે. ફ્લાઇટ રદ કરવાથી મુસાફરોને ભારે અસુવિધા અને મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો. DGCAએ મંજૂર ફ્લાઇટ શેડ્યૂલ ધોરણોમાં સુધારેલી આવશ્યકતાઓને પૂરતા પ્રમાણમાં સમાયોજિત કરવામાં નિષ્ફળતાને કારણે થયેલા વિક્ષેપ માટે એરલાઇનને દોષી ઠેરવી હતી. નોટિસમાં જણાવાયું છે કે આટલી મોટી સંખ્યામાં ફ્લાઇટ્સ ચલાવવામાં નિષ્ફળતા આયોજન અને સંસાધન વ્યવસ્થાપનમાં નોંધપાત્ર ખામીઓને પ્રતિબિંબિત કરે છે.નાગરિક ઉડ્ડયન મંત્રી કે. રામમોહન નાયડુએ પરિસ્થિતિને ઉકેલવા માટે મંત્રાલયના અધિકારીઓ અને ઇન્ડિગોના સીઈઓ અલ્બર્સ સાથે સમીક્ષા બેઠક યોજી હતી. ઇન્ડિગોના ફ્લાઇટ સંચાલનને સ્થગિત કરવાના કારણે મુસાફરો સતત પાંચમા દિવસે પણ અટવાઈ ગયા છે. ત્યારબાદ કેન્દ્ર સરકારે કડક ભાડા મર્યાદાલાદી , તાત્કાલિક રિફંડ ફરજિયાત બનાવ્યું અને કોઈપણ વિલંબ માટે કંપની સામે કાર્યવાહી કરવાની ધમકી આપી. ઇન્ડિગોએ ગઈકાલે 800 થી વધુ ફ્લાઇટ્સ પણ રદ કરી હતી

. . . . . . . . . . . . . . . . . . . . . . . .

# HOCKEY- SOUTH AFRICA TOUR

પુરુષોની હોકીમાં , ભારત આજે કેપટાઉનના સ્ટેલેનબોશમાં ત્રણ મેચની શ્રેણીની પહેલી મેચમાં દક્ષિણ આફ્રિકાનો સામનો કરશે. આ મેચ ભારતીય સમય મુજબ રાત્રે **8:30** વાગ્યે શરૂ થશે.

ભારત હાલમાં વિશ્વ રેન્કિંગમાં **7**મા ક્રમે છે, જ્યારે દક્ષિણ આફ્રિકા **12**મા ક્રમે છે. ભારત એશિયા કપ **2025**ના ચેમ્પિયન તરીકે કેપટાઉન પહોંચ્યું. ફાઇનલમાં કોરિયા પર **4-1**થી શાનદાર જીત મેળવીને ભારતે ખંડીય સર્વોપરિતા પાછી મેળવી.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# PAK-AFG BORDER CALM

પાકિસ્તાન-અફઘાનિસ્તાન સરહદ પર ચમનમાં ભારે ગોળીબારમાં અનેક લોકો ઘાયલ થયાના એક દિવસ બાદ શાંતિ છે.

ગોળીબારમાં ત્રણ પાકિસ્તાની નાગરિકો ઘાયલ થયા હતા. અફઘાન અધિકારીઓએ સરહદ પારથી પાંચ લોકો ઘાયલ થયાની જાણ કરી હતી. અધિકારીઓએ જણાવ્યું હતું કે અફઘાન દળોએ બદાની વિસ્તારમાં મોર્ટાર છોડ્યા હતા, જેના કારણે પાકિસ્તાની સૈનિકોએ જવાબી કાર્યવાહી કરી હતી. અફઘાન તાલિબાનના પ્રવક્તા ઝબીહુલ્લાહ મુજાહિદે સ્પિન બોલ્ડકમાં હુમલો કરવાનો આરોપ પાકિસ્તાન પર લગાવ્યો હતો.

પાકિસ્તાની સેનાએ ગઈકાલે જણાવ્યું હતું કે અફઘાન દળોએ ઉશ્કેરણી વિના ગોળીબાર કર્યો હતો. ક્વેટામાં અધિકારીઓએ જણાવ્યું હતું કે ગોળીબાર શુક્રવારે રાત્રે 10 વાગ્યાની આસપાસ શરૂ થયો હતો અને મોડી રાત સુધી ચાલુ રહ્યો હતો.

ઈસ્તાંબુલમાં ત્રણ રાઉન્ડની વાટાઘાટો નિષ્ફળ ગયા બાદ બંને દેશો વચ્ચેની વાટાઘાટો અટકી ગયા બાદ અથડામણો શરૂ થઈ હતી.

. . . . . . . . . . . . . . . .

# SOUTH AFRICA SHOOTING

દક્ષિણ આફ્રિકામાં, લાઇસન્સ વગરના બારમાં થયેલા ગોળીબારમાં બાળકો સહિત 11 લોકોના મોત અન્ય 14 લોકો ઇજાગ્રસ્ત થયા હતા.

દક્ષિણ આફ્રિકાના પ્રિટોરિયા શહેરમાં ગઈકાલે પોલીસે જણાવ્યું હતું કે ત્રણ બંદૂકધારીઓ એક હોસ્ટેલ બારમાં ઘૂસી ગયા હતા અને ગ્રાહકોના પર ગોળીબાર કર્યો હતો. કારણ હજુ સ્પષ્ટ નથી , અને અધિકારીઓ શંકાસ્પદોની શોધ કરી રહ્યા છે.

દક્ષિણ આફ્રિકા બંદૂક હિંસા સામે સંઘર્ષ કરી રહ્યું છે. દેશમાં **2024** માં **26** હજાર થી વધુ હત્યાઓ નોંધાઈ છે , જે સરેરાશ **70** થી વધુ મૃત્યુ પ્રતિ દિવસ છે , જેમાં ગેરકાયદેસર હથિયારો સૌથી વધુ હત્યાઓનું કારણ બને છે.

પોલીસે જણાવ્યું છે કે તેઓએ એપ્રિલ અને સપ્ટેમ્બર વચ્ચે ગેરકાયદેસર દારૂના વેચાણ માટે **11** હજારથી વધુ ગેરકાયદે ટેવર્ન બંધ કરાવ્યા છે અને **18** હજાર લોકોની ધરપકડ કરી છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .